kamalam daily newspape r-23-10-2023

પાટણના સંડેર મુકામે ઉત્તર પ્રદેશના રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલઅને ગુજરાતનાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રપટેલનીપ્રેરક ઉપસ્થિતિમાં ખોડલધામ સંકુલનું ભૂમિપૂજન થયું

....................

મંદિરો ભક્તિભાવની સાથે માનવીય ચેતનાનું કેન્દ્ર બની સમાજની સમસ્યાઓનું સમાધાન કરે એવો પ્રયાસ ખોડલધામ ટ્રસ્ટે કર્યોછે:શ્રીમતીઆનંદીબેન પટેલ

....................

ખોડલધામ સંસ્થા એ ધર્મસેવા, જનસેવાઅને રાષ્ટ્રસેવાને સમર્પિત થવાનો વિચાર છે:મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

....................

અંદાજીત રૂપિયા ૧૦૦ કરોડના ખર્ચે ૫૦ વિઘામાં નિર્માણ પામનાર ખોડલધામ સંકુલનુ નવરાત્રીના આઠમા નોરતે ભૂમિપૂજન

સૌરાષ્ટ્રનાપ્રસિદ્ધ યાત્રાધામ કાગવડના શ્રીખોડલધામ સંકુલની જેમસમગ્ર ગુજરાતનાચાર ઝોનમાં ખોડલધામનું નિર્માણ કરવાનો સંકલ્પખોડલધામ ટ્રસ્ટ દ્વારાવ્યક્ત કરવામાં આવ્યોછે. ત્યારે કાગવડ ખોડલધામ નિર્માણ બાદ ગુજરાતના ઉતર ગુજરાત ઝોનમાં પાટણના સંડેર મુકામે ૫૦વીઘા જમીનમાં અંદાજિત રૂપિયા ૧૦૦ કરોડના નવનિર્માણ પામનાર ખોડલધામનું ભૂમિપૂજ ઉત્તર પ્રદેશના રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલ અને ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલના ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતુ.

ભૂમિપૂજન કાર્યક્રમમાં ખોડલધામના ચેરમેન શ્રી નરેશભાઈ પટેલ સહિતના રાજકીય, સામાજિક આગેવાનો અને લેઉવા પાટીદાર સમાજના પરિવારજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઉત્તર પ્રદેશના રાજ્યપાલ શ્રીમતી આંનદીબહેન પટેલે સંબોધન કરતાંજણાવ્યું હતુકે, સંડેર ખાતે ભવ્ય ખોડલધામ મંદિર બનવા જઈ રહ્યું છે. જ્યાં ભવિષ્યમાં કૌશલ્યનુ નિર્માણ થશે, યુવાઓને પ્રેરણા સાથે રોજગાર મળી રહે તેવી પ્રવૃતિઓનુ આયોજન કરવામાંઆવશે. સમગ્ર સમાજના વિકાસ માટે ખોડલધામ માર્ગદર્શન પૂરુ પાડશે. આ માટે નરેશભાઈ અને તેમની ટીમને ધન્યવાદ આપું છું. સામાન્ય રીતે મંદિરનુંનિર્માણ દર્શન, પૂજા અર્ચના અને ભક્તિમાં તરબોળ થવા માટે હોય છે. પરંતુ મંદિર ચેતનાનું કેન્દ્ર પણ બનવુ જોઈએ જ્યાં સમસ્યાઓનુ સમાધાન થાય. આ કાર્ય કરવાબદલખોડલધામ ટ્રસ્ટની ટીમને અભિનંદન પાઠવું છુ.

રાજ્યપાલ શ્રીમતી આંનદીબહેન પટેલે સૌને સૂચન કરતા કહ્યું કે દીકરીઓ અને માતાઓના સ્વાસ્થ્યની વિશેષ ચિંતા કરી તેઓ સ્વસ્થ રહે અને કેન્સર જેવીબીમારીઓથી મુક્તરહે એવા પ્રયાસોહાથધરવાજોઈએ. તેઓએ ઉમેર્યું કેઆદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ ૨૦૨૪ સુધીમાં ભારતને ટીબી મુક્ત કરવાનું અભિયાન હાથ ધર્યુ છે એમાં પણ મંત્રીઓ, ધારાસભ્યો, સાંસદોએ સક્રિય ભૂમિકા ભજવવાની છે. તેઓએ સ્વયંસેવકોનેજણાવ્યું હતુંકે અનેક લોકો સરકારીયોજનાઓથી ગરીબી મુક્ત થયા છે તેથી મહત્તમ લોકો સુધી સરકારી યોજનાના લાભ પહોચાડવા જોઈએ.ખોડલધામના નિર્માણ માટે દાન આપનાર સૌ દાતાશ્રીઓને તેઓએ અભિનંદન આપ્યા હતા.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે નવરાત્રીનાં પાવન પ્રસંગની શુભેચ્છા પાઠવી જણાવ્યું હતુ કે, આજે દુર્ગાષ્ટમીના પાવન પ્રસંગે પવિત્ર તીર્થધામ ખોડલધામના આંગણે આવીને દિવ્યતાની સાથે ગૌરવની લાગણી અનુભવું છું. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સશક્ત નેતૃત્વનાં પરિણામે દેશમાં સાંસ્કૃતિક નવજાગરણનો નવો અધ્યાય શરૂ થયો છે. આજે અયોધ્યામાં રામમંદિરનું નિર્માણ થઈરહ્યુછે. ઉજ્જૈનમહાકાલ મંદિર, કાશી વિશ્વનાથ કોરિડોર, કેદારનાથધામના વિકાસ સાથે અનેકઆસ્થાના કેન્દ્રોનવારંગરુપ પામી રહ્યાં છે. વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી જ્યોતિર્લિંગ સોમનાથનો પણ સર્વગ્રાહી વિકાસ થઈ રહ્યો છે. રાજય સરકાર દ્વારા દ્વારિકા કોરિડોરનો વિકાસ કરવામાં આવી રહ્યોછે.

ખોડલધામ સંકુલે વસુધૈવ કુટુંબકમની ભાવનાસાકાર કરવાનું કાર્ય કર્યુ છે. ખોડલધામની સેવા પ્રવૃત્તિનો લાભ તમામ સમાજને પહોંચાડી સામાજિક સમરસતાનું

કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના જન્મદિને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલેવૃક્ષારોપણકરીને 'આમ્રવન'નું નિર્માણશરૂ કરાવ્યું

★★

ગાંધીનગર લોકસભાને હરિયાળી લોકસભા બનાવવાના ભાગરૂપે જગતપુર ખાતે મ્યુનિ. કોર્પોરેશન દ્વારા 'આમ્રવન'નું નિર્માણ

★★

ઉત્તર પશ્ચિમ ઝોનના ચાંદલોડીયા વોર્ડમાં જગતપુર તળાવની બાજુમાં વિકસાવાશે 'આમ્રવન'

★★

કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના જન્મદિને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલેવૃક્ષારોપણ કરીને 'આમ્રવન' નું નિર્માણ શરૂ કરાવ્યું. ગાંધીનગર લોકસભાને હરિયાળી લોકસભા બનાવવાના ભાગરૂપે શહેરના ઉત્તર પશ્ચિમ ઝોનના ચાંદલોડીયા વોર્ડમાં જગતપુરતળાવની બાજુમાં મ્યુનિ. કોર્પોરશન દ્વારા 'આમ્રવન'નું નિર્માણ કરવામાં આવનાર છે, જેમાં મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આંબાના રોપાઓનું વૃક્ષારોપણ કરાવ્યું હતું. ભાગવત વિદ્યાપીઠના ૧૦૮ ઋષિકુમારો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર દ્વારા આ વૃક્ષારોપણ વિધિ કરાવવામાં આવી હતી.

આ પ્રસંગેકેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને મુખ્યમંત્રીશ્રીના હસ્તે લાભોના કાર્ડ અને કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આઉપરાંત, તેજ આઇ હોસ્પિટલની ફ્રી આઈ ચેક અપ બસનું પણ મુખ્યમંત્રીશ્રીએ પ્રસ્થાન કરાવ્યું હતું.

આ વૃક્ષારોપણ પ્રસંગે મેયર સુશ્રી પ્રતિભાબેન જૈન, સાંસદ શ્રી કિરીટભાઈ સોલંકી, મ્યુનિસિપલ કમિશ્નર શ્રી એમ. થેન્નારસન, ધારાસભ્ય સર્વેશ્રી જીતેન્દ્રભાઈ પટેલ, અમિતભાઈ ઠાકર, ડેપ્યુટી મેયર શ્રી જતીનભાઈ પટેલ,

સ્ટેન્ડિંગ કમિટીચેરમેન શ્રી દેવાંગભાઈદાણી, છસ્ઝના સભ્યો - કર્મચારીઓવગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

## બેચરાજી વિસ્તારના ધાર્મિક-આર્થિક વિકાસની પ્રબળ સંભાવનાને વાસ્તવિક રૂપ આપતો મુખ્યમંત્રીશ્રીનો મહત્વપૂર્ણ નિર્ણય

--------------

## બેચરાજી એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટીની રચના કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

--------------

## બેચરાજી આજુબાજુના સાત ગામોને આવરી લઈ અંદાજે ૮૨૫ હેક્ટર વિસ્તાર બેચરાજી એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટીમાં સમાવિષ્ટ થશે

--------------

## ડેવલપમેન્ટ પ્લાન અને નગરરચના યોજનાઓથી રોડ-સ્ટ્રીટ લાઈટ-બાગ-બગીચા-ડ્રેનેજ જેવી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલિટીઝ મળશે

::::::::::::::::

## બેચરાજી અને આસપાસના ઔદ્યોગિક-વાણિજ્યિક એકમોને પ્રોત્સાહન મળશે

૨૨૨૨૨

## ★★નવા મૂડી રોકાણોની સંભાવનાઓ ઉજ્જવળ બનશે અને રોજગારીની નવી તકો ખૂલતાં સામાજિક આર્થિક

જૂનાગઢ અને વલસાડમાં ઘી બનાવતી પેઢીઓ ખાતે તપાસ હાથ ધરાતા કુલ રૂ. ૧૦.૩૪ લાખની કિંમતનો ૨૬૩૩ કિ.ગ્રા. ભેળશેળયુક્ત ઘીનોજથ્થો જપ્ત કરાયો

★★★★★

નવરાત્રી અને દિવાળીના તહેવારોમાં નાગરિકોને જીવન જરૂરી ખાદ્ય ચીજ વસ્તુઓ શુદ્ધ અને ગુણવત્તા યુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર સતર્કઃ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર કમિશનર ડો. એચ. જી. કોશિયા

★★★★★

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર કમિશનર ડો. એચ.જી. કોશિયાએ જણાવ્યું કે, નવરાત્રી અને દિવાળીના તહેવારોમાં રાજ્યના નાગરિકોને જીવન જરૂરી ખાદ્ય ચીજ વસ્તુઓ શુદ્ધ અને ગુણવત્તા યુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત સતર્ક છે. તાજેતરમાં જ જૂનાગઢ ખાતે મે. જય ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીઝમાંખોરાક અને ઔષધ નિયમન તંત્રદ્વારા તપાસહાથ ધરતાઆશરે રૂ. ૭લાખની કિંમતનો ૨૧૦૦કિલોગ્રામ શંકાસ્પદ ઘીનો જથ્થોજપ્ત કરવામાંઆવ્યો છે. આ ઉપરાંતવલસાડ ખાતેપણ મે. ચરણામૃત ડેરી અને મે. જશનાથ ટ્રેડર્સ ખાતે તપાસ હાથ ધરાતા રૂ. ૩.૩૪ લાખની કિંમતનો આશરે ૫૩૩ કિલોગ્રામ શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. બંને મળી રાજ્યમાં કુલ રૂ. ૧૦.૩૪લાખની કિંમતનો ૨૬૩૩ કિલોગ્રામ ભેળશેળયુક્ત ઘીનોજથ્થો ખોરાક અને ઔષધનિયમન તંત્રનીટીમ દ્વારા જપ્ત કરાયો છે.

તેમણે વધુ વિગતો આપતા જણાવ્યું હતુંકે, ખોરાક અને ઔષધ નિયમન તંત્રને ઘીમાં ભેળશેળ કરતા હોવાની મળેલી બાતમીના આધારે ગાંધીનગર વડી કચેરી તેમજ જૂનાગઢ વર્તુળ કચેરી દ્વારા સંયુક્ત રીતે જૂનાગઢની મે. જય ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીઝ ખાતે સફળ રેડ કરી શંકાસ્પદ ઘીના નમૂના લેવામાં આવ્યાહતા. પેઢીના માલિક કમલેશકુમાર સોઢા વગરપરવાને ઘીબનાવી વેચવાનો ગેરકાયદેસર ધંધો કરતા હતા. તપાસ દરમ્યાન શંકાસ્પદ ''અમુલ ઘી'' તથા ''કૃષ્ણા ઘી''ના ૧૫ કિગ્રા પેકિંગમાં જથ્થો જોવા મળ્યો હતો, જેનું બીલ રજૂ કર્યુ ન હતું પરંતુ નિવેદનથીઆ ઘીતેઓ મે. જી.પી.એસ. ઓઈલ ઈન્ડ સ્ટ્રીઝ-મુંબઈથીવગર બીલે ખરીદ કર્યું હોવાનું જાણવામળ્યું હતું.

આ ઘીમાંતેઓ પામોલીન ઓઈલ, વનસ્પતિ તથા બીજી હલ્કી કક્ષાના પદાર્થોની ભેળસેળ કરી નીચી ગુણવત્તા વાળું ભેળસેળ યુક્ત ઘીનું ઉત્પાદન કરી પોતાની ''વ્રજ મટુકી'' અને ''શ્રી કાઠીયવાડી ગીર બ્રાન્ડ ''થી અલગ-અલગ પેકીંગમાં પેક કરી ૧ લિટરના રૂ. ૨૫૦/- લેખે વેચતા હોવાનું જણાયું હતું. સ્થળ પર મેજીક બોક્ષ દ્વારા ઘીની ગુણવત્તાઅંગે ચકાસણી કરતા પ્રાથમિક દ્રષ્ટિએ ઘીમાંભેળસેળની પ્રબળ શંકાના આધારે પેઢીનામાલિકની હાજરીમાંજ ઘીનાછ (૬) નમુના લેવાયા હતા અને બાકીનો શંકાસ્પદ જથ્થોજપ્ત કરવામાંઆવ્યો છે.

કમિશનરશ્રીએ ઉમેર્યું હતું કે, વલસાડ ખાતે પણ વલસાડ વર્તુળ કચેરી દ્વારા ઉમરગામ તથા તાપી તાલુકામાં સઘન ચેકીંગ હાથ ધરાતા ઉમરગામની મે. ચરણામૃત ડેરીમાં પણ શંકાસ્પદ ઘીનો જથ્થો જોવા મળ્યો હતો. પેઢીના માલિક મિતુલભાઈ ધામેલીયાનીહાજરીમાં''રંગ મધુર ગાયનું ઘી'' કે જેનીચલી ગુણવત્તાવાળાબટર માંથી બનાવતા હોવાનું જાણવા મળ્યું હતું. અહિં ઉત્પાદિત ''રંગ મધુર ગાયનું ઘી''ના કુલ ૨ નમુનાઓ લઈ આશરે ૫૦૦કિ.ગ્રા. જેટલો જથ્થો જપ્ત કરાયો છે. આ સાથે જ અન્ય પેઢી મે. જશનાથ ટ્રેડર્સ ખાતેથી પણ પેઢીના માલિક સુરેશકુમાર સરનની હાજરીમાં ''સરન પ્રિમિયમ ગાયનું ઘી'' તથા ''વાસ્તુ એગમાર્ક ઘી''ના કુલ ૨ નમુનાઓ લઈ બાકી રહેલ ૩૩ કિ.ગ્રા. જથ્થો કે જેની અંદાજીત કિંમત રુ. ૨૧,૦૦૦/- છે તે જપ્ત કરવામાંઆવ્યો છે.

ગરબ
તથા સ
મતવિ
ખાસ
'ગરબ
ઉપરાં
બી.અ
હોય
શારીિ
ભવન
આવ્યું.....
આ તબક્કે દરેક
બી.આર.સી.કો, ઓરડીનેટ





આરાધના ના મહાપર્વ નવરાત્રીના છઠ્ઠાનોરતે ગાંધીનગર કોર્ટ ખાતે ગાંધીનગર બાર

એસોસિએશન પ્રમુખ રાજેન્દ્રસિંહ ચાવડા (વરસોડા) તથા બાર એસોસિએશન દ્વારા આયોજિત જગત જનની માં અંબાજીની આરતી ઉતારવાનો અવસર પ્રાપ્ત થયો હતો.



જિલ્લાભાજપકાર્યાલય સેક્ટર ૨૧શ્રી કમલમ ખાતે બુથ સશક્તિકરણ અભિયાન અંતર્ગત બેઠક યોજાઈ હતી આ બેઠકમાં જિલ્લા અધ્યક્ષ શ્રી અનિલભાઈ પટેલ .મહામંત્રી રમણભાઈ દેસાઈ .રમેશજી ઠાકોર. સશકિતકરણ અભિયાનના એચ.એમ.પટેલ જિલ્લા આઈ.ટી. કન્વીનર રાકેશ પટેલ સહિત જિલ્લાના તમામ મંડળ પ્રમુખ- મહામંત્રી બુથસશક્તિકરણના મંડળઈન્ચાર્જ જિલ્લા યુવા મોરચા ટીમ સ્વામી વિવેકાનંદ બોર્ડના સંયોજકો તથા આઈ.ટી.વિભાગના કન્વીનરોશ્રી ઉપસ્થિત રહ્યા હતા.




માણસાના મામલતદારને અરવલ્લી જિલ્લામાં પોસ્ટિંગ મળતા પ્રજાજનોએ ભવ્ય વિદાય આપી.

પોતાના કાર્યકાળમાં લોક ચાહના મેળવી સામાન્ય લોકોના દિલ જીત્યા...

જ્યારે પણ કોઈ સરકારી અધિકારીની બદલી કે બઢતી થાય અને પોતાની જગ્યાએથી અન્ય જગ્યાએ ફરજ બજાવા જાય છે ત્યારે કોઈ ખાસ નોંધ લેવાતી નથી પણ માણસાના મામલતદાર શ્રી
વિશાલભાઈ પટેલને
નાગરિકોએ ભવ્ય કા
સરકારીઅધિકારીઓ
મામલતદાર વિશાલપ
સમયે સામાન્ય નાગરિ
કર્યા સિવાય માણસાન
ઝડપથી નિરાકરણ લ
વર્ષમાં લોક ચાહના મે
આપી હતી.





kamalam daily newspaper-23-10-2023